શ્રીમદ્ભગવદ્ગીતા–વિષાદયોગ

(પ્રથમ અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત ‘અમૃતતરંગિણી’ તથા
શ્રીવલ્લભજી કૃત ‘તત્વદીપિકા’ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

‘શ્રીરાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦

શ્રીમદ્ભગવદ્ગીતા–વિષાદયોગ

(પહેલો અધ્યાય)

અથ પ્રથમોઽધ્યાયઃ

ધૃતરાષ્ટ્ર ઉવાચ (ધૃતરાષ્ટ્ર બોલ્યો)

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।
મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥ ૧ ॥

દષ્ટ્વા તુ પાંડવાનીકં વ્યૂઢં દુર્યોધનસ્તદા ।
આચાર્યમુપસંગમ્ય રાજા વચનમબ્રવીત્ ॥ ૨ ॥

દુર્યોધન ઉવાચ (દુર્યોધન બોલ્યો)

પશ્યૈતાં પાંડુપુત્રાણામાચાર્ય મહતીં ચમૂમ્ ।
વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા ॥ ૩ ॥

અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ ।
યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ ॥ ૪ ॥

ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન્ ।
પુરુજિત્ કુન્તિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુંગવઃ ॥ ૫ ॥

યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્ ।
સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ સર્વ એવ મહારથાઃ ॥ ૬ ॥

અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્નિબોધ દ્વિજોત્તમ ।
નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે ॥ ૭ ॥

ભવાન્ ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિઞ્જયઃ ।
અશ્વત્થામા વિકર્ણશ્ચ સૌમદત્તિસ્તથૈવ ચ ॥ ૮ ॥

અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્તજીવિતાઃ ।
નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ ॥ ૯ ॥

અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્ ।
પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્ ॥ ૧૦ ॥

અયનેષુ ચ સર્વેષુ યથાભાગમવસ્થિતાઃ ।
ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ ॥ ૧૧ ॥

તસ્ય સંજયનયન્ હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ ।
સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શંખંદધ્મૌ પ્રતાપવાન્ ॥ ૧૨ ॥

તતઃ શંખાશ્ચભેર્યશ્ચ પણવાનકગોમુખાઃ ।
સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દસ્તુમુલોડભવત્ ॥ ૧૩ ॥

તતઃ શ્વેતૈર્હયૈર્યુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ ।
માધવઃ પાંડવશ્ચૈવ દિવ્યૌ શંખૌ પ્રદધ્મતુઃ ॥ ૧૪ ॥

પાંચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનંજયઃ ।
પૌંડ્રં દધ્મૌ મહાશંખં ભીમકર્મા વૃકોદરઃ ॥ ૧૫ ॥

અનન્તવિજયં રાજા કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ ।
નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ ॥ ૧૬ ॥

કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખંડી ચ મહારથઃ ।
ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચા પરાજિતઃ ॥ ૧૭ ॥

દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે ।
સૌભદ્રશ્ચ મહાબાહુઃ શંખાન્ દધ્મુઃ પૃથક્પૃથક્ ॥ ૧૮ ॥

સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્ ।
નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્ ॥ ૧૯ ॥

અથ વ્યવસ્થિતાન્ દષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ ।
પ્રવૃત્તે શસ્ત્રસમ્પાતે ધનુરુધમ્ય પાંડવઃ ॥ ૨૦ ॥

હૃષીકેશં તદા વાક્યમિદમાહ મહીપતે ।

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેડચ્યુત ॥ ૨૧ ॥

યાવદેતાન્નિરીક્ષેડહં યોદ્ધુકામાનવસ્થિતાન્ ।
કૈર્મયા સહ યોદ્ધવ્યમસ્મિન્રણસમુધમે ॥ ૨૨ ॥

યોત્સ્યમાનાનવેક્ષેડહં ય એતેડત્ર સમાગતાઃ ।
ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ॥ ૨૩ ॥

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત ।
સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ॥ ૨૪ ॥

ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્ ।
ઉવાચ પાર્થ પશ્યૈતાન્ સમવેતાન્ કુરૂનિતિ ॥ ૨૫ ॥

તત્રાપશ્યત્ સ્થિતાન્ પાર્થઃ પિતૃનથ પિતામહાન્ ।
આચાર્યાન્ માતુલાન્ ભ્રાતૃન્ પુત્રાન્ પૌત્રાન્ સખીંસ્તથા ॥૨૬॥

શ્વશુરાન્ સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।
તાન્ સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્ બન્ધૂનવસ્થિતાન્ ॥ ૨૭ ॥

કૃપયા પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્ ।
અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)
દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥ ૨૮ ॥

સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।
વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥ ૨૯ ॥

ગાંડીવં સ્રંસતે હસ્તાત્ ત્વક્ચૈવ પરિદહ્યતે ।
ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥ ૩૦ ॥

નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।
ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ॥ ૩૧ ॥

ન કાંક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।
કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા ॥ ૩૨ ॥

યેષામર્થે કાંક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।
ત ઈમેઽવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ ॥ ૩૩ ॥

આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ ।
માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સમ્બન્ધિનસ્તથા ॥ ૩૪ ॥

એતાન્ન હન્તુમિચ્છામિ ઘ્નતોઽપિ મધુસૂદન ।
અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિં નુ મહીકૃતે ॥ ૩૫ ॥

નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન ।
પાપમેવાશ્રયેદસ્માન્ હત્વૈતાનાતતાયિનઃ ॥ ૩૬ ॥

તસ્માન્નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રાન્ સ્વબાન્ધવાન્ ।
સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥ ૩૭ ॥

કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધર્મોઽભિભવત્યુત ॥ ૪૦ ॥

અધર્માભિભવાત્ કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ ।
સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ ॥ ૪૧ ॥

સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।
પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિંડોદક ક્રિયાઃ ॥ ૪૨ ॥

દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈઃ ।
ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥ ૪૩ ॥

ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન ।
નરકે નિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥ ૪૪ ॥

અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્ ।
યદ્રાજ્યસુખલોભેન હન્તું સ્વજનમુદ્યતાઃ ॥ ૪૫ ॥

યદિ મામપ્રતીકારમશસ્ત્રં શસ્ત્રપાણયઃ ।
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તન્મે ક્ષેમતરં ભવેત્ ॥ ૪૬ ॥
સંજય ઉવાચ (સંજય બોલ્યો)
એવમુક્ત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।
વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ॥ ૪૭ ॥

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિષાદયોગો નામ (ભગવદનુગ્રહયોગો નામ)
પ્રથમોઽધ્યાયઃ ॥ ૧ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ પ્રથમોડધ્યાયઃ

(ગીતાનો પ્રથમ અધ્યાય)

(વિષાદયોગ)

ધૃતરાષ્ટ્ર ઉવાચ (ધૃતરાષ્ટ્ર બોલ્યો)

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।
મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥ ૧ ॥

અન્વય	અર્થ
સંજય	હે સંજય
ધર્મક્ષેત્રે	ધર્મભૂમિ
કુરુક્ષેત્રે	કુરુક્ષેત્રમાં
સમવેતાઃ	એકત્રિત થયેલા
યુયુત્સવઃ	યુદ્ધની ઉત્કટ ઈચ્છાવાળા (એવા)
મામકાઃ	મારા (ધૃતરાષ્ટ્રના પુત્રો દુર્યોધન વગેરે)
ચ-એવ	અને
પાંડવાઃ	પાંડુના પુત્રો (યુધિષ્ઠિર વગેરે) એ
કિમ્	શું
અકુર્વત	કર્યું ?

ભાવાર્થ – હે સંજય ! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકત્રિત થયેલા યુદ્ધની ઉત્કટ ઈચ્છાવાળા (એવા) મારા (ધૃતરાષ્ટ્રના પુત્રો દુર્યોધન વગેરે) અને પાંડુના પુત્રો (યુધિષ્ઠિર) વગેરેએ શું કર્યું ? ॥ ૧ ॥

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

દષ્ટ્વા તુ પાંડવાનીકં વ્યૂઢં દુર્યોધનસ્તદા ।

આચાર્યમુપસંગમ્ય રાજા વચનમબ્રવીત્ ॥ ૨ ॥

અન્વય	અર્થ
તદા	ત્યારે (ધર્મયુદ્ધની ઉપસ્થિતિમાં)
રાજા	રાજા
દુર્યોધનઃ	દુર્યોધન
વ્યૂઢમ્	વ્યૂહ રચનામાં ગોઠવાયેલી
પાંડવાનીકમ્	પાંડવોની સેનાને
દષ્ટ્વા	જોઈને
તુ	તો
આચાર્યમ્	દ્રોણાચાર્યની
ઉપસંગમ્ય	પાસે જઈને
વચનમ્	વચન
અબ્રવીત્	બોલ્યો

ભાવાર્થ – ત્યારે (ધર્મયુદ્ધની ઉપસ્થિતિમાં) રાજા દુર્યોધન વ્યૂહરચનામાં ગોઠવાયેલી પાંડવોની સેનાને જોઈને તો દ્રોણાચાર્યની પાસે જઈને વચન બોલ્યો ॥ ૨ ॥

દુર્યોધન ઉવાચ (દુર્યોધન બોલ્યો)

પશ્યૈતાં પાંડુપુત્રાણામાચાર્ય મહતીં ચમૂમ્ ।
વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા ॥ ૩ ॥

અન્વય	અર્થ
આચાર્ય	હે આચાર્ય ! (હે દ્રોણાચાર્ય !)
તવ	તમારા

ધીમતા	બુદ્ધિમાન્
શિષ્યેણ	શિષ્ય
દ્રુપદપુત્રેણ	દ્રુપદ રાજાના પુત્ર (ધૃષ્ટદ્યુમ્ન) દ્વારા
વ્યૂઢામ્	વ્યૂહબદ્ધ કરાયેલી
પાંડુપુત્રાણામ્	પાંડુના પુત્રોની (પાંડવોની)
એતામ્	આ
મહતીમ્	(સાત અક્ષૌહિણીવાળી[1]) ઘણી જ વિશાલ
ચમૂમ્[2]	સેનાને
પશ્ય	જુઓ

ભાવાર્થ – હે આચાર્ય ! (હે દ્રોણાચાર્ય !) તમારા બુદ્ધિમાન્ શિષ્ય દ્રુપદ રાજાના પુત્ર (ધૃષ્ટદ્યુમ્ન) દ્વારા પાંડુના પુત્રોની (પાંડવોની) આ (સાત અક્ષૌહિણી વાળી) ઘણી જ વિશાલ સેનાને જુઓ ॥૩॥

અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ ।
યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ ॥ ૪ ॥
ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન્ ।
પુરુજિત્ કુન્તિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુંગવઃ ॥ ૫ ॥
યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્ ।
સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ સર્વ એવ મહારથાઃ ॥ ૬ ॥

---

(૧) **અક્ષૌહિણી સેના** - પૂર્ણ ચતુરંગિણી સેના, જેમાં ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ ઘોડા અને ૧૦૯૩૫૦ પાયદળ-સૈનિક હોય.

(૨) **ચમૂ** - સેનાનો એક ભાગ જેમાં ૭૨૯ રથ, ૭૨૯ હાથી, ૨૧૮૭ સવાર તથા ૩૬૪૫ પાયદળ હોય.

અન્વય	અર્થ
અત્ર	અહીં (આ સેનામાં)
મહેષ્વાસાઃ	મોટા-મોટા ધનુષવાળા (અને)
યુધિ	યુદ્ધમાં
ભીમાર્જુનસમાઃ	ભીમ-અર્જુનના સમાન
શૂરાઃ	શૂરવીર (એવા)
યુયુધાનઃ	યુયુધાન (સાત્યકિ)
ચ	અને
વિરાટઃ	વિરાટ (મત્સ્યદેશના રાજા અને અર્જુનપુત્ર અભિમન્યુના સસરા)
ચ	અને
મહારથઃ	મહારથી
દ્રુપદઃ	દ્રુપદ ॥ ૪ ॥
ધૃષ્ટકેતુઃ	ધૃષ્ટકેતુ
ચ	અને
ચેકિતાનઃ	ચેકિતાન
ચ	અને
વીર્યવાન્	બલશાલી-પરાક્રમી
કાશિરાજઃ	કાશિરાજ,
પુરુજિત્	પુરુજિત્,
કુન્તિભોજઃ	કુન્તિભોજ
ચ	અને
નરપુંગવઃ	મનુષ્યોમાં શ્રેષ્ઠ (એવા)
શૈબ્યઃ	શૈબ્ય ॥ ૫ ॥

વિક્રાન્તઃ	દૂર દૂર સુધી પોતાનો જય ફેલાવનાર પરાક્રમી (એવો)
યુધામન્યુ	યુધામન્યુ
ચ	અને
વીર્યવાન્	બલવાન્
ઉત્તમૌજાઃ	ઉત્તમૌજા
ચ	તેમજ
સૌભદ્રઃ	સુભદ્રાનો પુત્ર અભિમન્યુ
ચ	અને
દ્રૌપદેયાઃ	દ્રૌપદીના પાંચ પુત્રો (૧-યુધિષ્ઠિરનો પ્રતિવિંધ્ય, ૨-ભીમસેનનો-શ્રુતસેન, ૩-અર્જુનનો શ્રુતકીર્તિ, ૪-નકુલનો - શ્રુતાનીક તથા ૫-સહદેવનો શ્રુતકર્મા)
સર્વે, એવ	(આ) બધા જ
મહારથાઃ	મહારથો છે.[1] ॥ ૬ ॥

ભાવાર્થ – અહીં (આ સેનામાં) મોટા-મોટા ધનુષવાળા (અને) યુદ્ધમાં ભીમ-અર્જુનના સમાન શૂરવીર (એવા) યુયુધાન (સાત્યકિ) અને વિરાટ (મત્સ્ય દેશના રાજા અને અર્જુનપુત્ર અભિમન્યુના સસરા) અને મહારથી દ્રુપદ ॥ ૪ ॥ ધૃષ્ટકેતુ અને ચેકિતાન અને બલશાલી પરાક્રમી કાશીરાજ, પુરુજિત્ કુન્તિભોજ અને મનુષ્યોમાં શ્રેષ્ઠ (એવા) શૈબ્ય ॥ ૫ ॥ દૂર-દૂર સુધી પોતાનો જય ફેલાવનાર પરાક્રમી (એવો) યુધામન્યુ અને બલવાન્ ઉત્તમૌજા તેમજ સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીના પાંચ પુત્રો (૧-યુધિષ્ઠિરનો પ્રતિવિન્ધ્ય, ૨- ભીમસેનનો શ્રુતસેન, ૩-અર્જુનનો શ્રુતકીર્તિ, ૪- નકુલનો શ્રુતાનીક તથા ૫-સહદેવનો શ્રુતકર્મા) (આ) બધા જ મહારથો[1] છે. ॥ ૬ ॥

---

[1] - જે એકલો જ દસ હજાર યોદ્ધાઓ સાથે ધનુષ્ વડે યુદ્ધ કરે અને જે શસ્ત્રમાં તથા શાસ્ત્રમાં પ્રવીણ હોય.

અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્નિબોધ દ્વિજોત્તમ ।
નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે ॥ ૭ ॥

અન્વય	અર્થ
દ્વિજોત્તમ	હે બ્રાહ્મણોમાં ઉત્તમ ! (એવા દ્રોણાચાર્ય !)
તુ	વળી
અસ્માકમ્	આપણા (કૌરવોના) પક્ષમાં
યે	જે (જે-જે પણ)
વિશિષ્ટાઃ	મુખ્ય-મુખ્ય (શ્રેષ્ઠ યોદ્ધાઓ છે)
તાન્	તેને (આપ)
નિબોધ	જાણો,
તે	(તે) આપની
સંજ્ઞાર્થમ્	જાણકારીને અર્થે
મમ	મારી
સૈન્યસ્ય	સેનાના
નાયકાઃ	નાયકો (છે)
તાન્	તેને (તેમનાં નામોને)
બ્રવીમિ	કહું છું ॥ ૭ ॥

ભાવાર્થ – હે બ્રાહ્મણોમાં ઉત્તમ ! (એવા દ્રોણાચાર્ય !) વળી, આપણા કૌરવોના પક્ષમાં જે (જે-જે પણ) મુખ્ય - મુખ્ય (શ્રેષ્ઠ યોદ્ધાઓ છે) તેને આપ જાણો, (તે) આપની જાણકારીને અર્થે મારી સેનાના નાયકો (છે) તેને (તેમનાં નામોને) કહું છું ॥ ૭ ॥

ભવાન્ ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિઞ્જયઃ ।
અશ્વત્થામા વિકર્ણશ્ચ સૌમદત્તિસ્તથૈવ ચ ॥ ૮ ॥

અન્વય	અર્થ
ભવાન્	આપ (દ્રોણાચાર્ય)
ચ	અને
ભીષ્મઃ	પિતામહ ભીષ્મ (મહારાજા શાન્તનુ અને ગંગાના પુત્ર)
ચ	અને
કર્ણઃ	કર્ણ (સારથીને ત્યાં પળાયેલો કુન્તીનો પ્રથમ પુત્ર)
ચ	અને
સમિતિંજયઃ	યુદ્ધમાં વિજય મેળવનાર
કૃપઃ	કૃપાચાર્ય
ચ	અને
અશ્વત્થામા	(તમારો-દ્રોણાચાર્યનો પુત્ર) અશ્વત્થામા
વિકર્ણઃ	(ધૃતરાષ્ટ્રનો પુત્ર અને દુર્યોધનનો નાનો ભાઇ)વિકર્ણ
(ચ)	(અને)
સૌમદત્તિઃ	સૌમદત્તિ=ભૂરિશ્રવા (મહારાજા શાન્તનુના મોટાભાઇ વાહ્લિકનો પૌત્ર)
ચ	અને
તથૈવ	તેવા જ (ઉપર ગણાવેલા જેવા જ બીજા)(આગળના શ્લોકમાં કહેલ) ।। ૮ ।।

ભાવાર્થ – આપ (દ્રોણાચાર્ય) અને પિતામહ ભીષ્મ (મહારાજા શાન્તનુ અને ગંગાના પુત્ર) અને કર્ણ (સારથીને ત્યાં પળાયેલો કુન્તીનો પ્રથમ પુત્ર) અને યુદ્ધમાં વિજય મેળવનાર કૃપાચાર્ય અને (તમારો - દ્રોણાચાર્યનો પુત્ર) અશ્વત્થામા, (ધૃતરાષ્ટ્રનો પુત્ર અને દુર્યોધનનો નાનો ભાઇ) વિકર્ણ (અને) સૌમદત્તિ=ભૂરિશ્રવા (મહારાજા શાન્તનુના મોટાભાઇ વાહ્લિકનો પૌત્ર) અને તેવાજ (ઉપર ગણાવેલા જેવા જ બીજા) (આગળના શ્લોકમાં કહેલ) ।। ૮ ।।

અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્તજીવિતાઃ ।
નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ ।। ૯ ।।

અન્વય	અર્થ
અન્યે	બીજા
ચ	પણ
મદર્થે	મારા માટે
ત્યક્તજીવિતાઃ	જીવનને ત્યાગેલા (જીવનને ત્યાગવાની તૈયારીવાળા)
બહવઃ	ઘણાબધા
શૂરાઃ	શૂરવીરો (કે જેઓ)
નાનાશસ્ત્ર	વિવિધ પ્રકારના પ્રહાર કરનારા યુદ્ધ સાધન એવાં
પ્રહરણાઃ	શસ્ત્રોથી સુસજ્જ થયેલા (અને)
સર્વે	બધા જ
યુદ્ધવિશારદાઃ	યુદ્ધમાં ચતુર-અતિકુશલ એવા છે ।। ૯ ।।

ભાવાર્થ – બીજા પણ મારા માટે જીવનને ત્યાગેલા (જીવનને ત્યાગવાની તૈયારીવાળા) ઘણા બધા શૂરવીરો (કે જેઓ) વિવિધ પ્રકારના પ્રહાર કરનારા યુદ્ધ સાધન એવાં શસ્ત્રોથી સુસજ્જ થયેલા (અને) બધા જ યુદ્ધમાં ચતુર - અતિ કુશલ એવા છે ।। ૯ ।।

અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્ ।
પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્ ।। ૧૦ ।।

અન્વય	અર્થ
ભીષ્મ અભિ-રક્ષિતમ્	ભીષ્મપિતામહ દ્વારા રક્ષાયેલી
અસ્માકમ્	આપણી

બલમ્	સેના
તદ્	તે (૧૧ અક્ષૌહિણી સંખ્યામાં હોવાથી)
અપર્યાપ્તમ્	અસીમિત - અત્યધિક (દેખાય છે)
તુ	અને
ભીમ-અભિરક્ષિતમ્	ભીમસેન દ્વારા રક્ષાયેલી
એતેષામ્	આ લોકોની (પાંડવોની)
ઈદમ્	આ
બલમ્	સેના (સાત અક્ષૌહિણી સંખ્યામાં હોવાથી)
પર્યાપ્તમ્	સીમિત-અલ્પ (દેખાય છે) ॥ ૧૦॥

ભાવાર્થ – ભીષ્મપિતામહ દ્વારા રક્ષાયેલી આપણી સેના તે (૧૧ અક્ષૌહિણી સંખ્યામાં હોવાથી) અસીમિત-અત્યધિક (દેખાય છે) અને ભીમસેન દ્વારા રક્ષાયેલી આ લોકોની (પાંડવોની) આ સેના (સાત અક્ષૌહિણી સંખ્યામાં હોવાથી) સીમિત-અલ્પ (દેખાય છે) ॥ ૧૦॥

અયનેષુ ચ સર્વેષુ યથાભાગમવસ્થિતાઃ ।
ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
અયનેષુ	વ્યૂહ પ્રવેશ માર્ગોમાં (વ્યૂહબદ્ધ સેનામાં જે સ્થળેથી વ્યૂહમાં પ્રવેશ થઈ શકે તે માર્ગોમાં)
ચ	અને (તે સિવાયના સેનાના બીજાં સ્થળોએ પણ)
યથાભાગમ્	પોતપોતાને સોંપાયેલ સ્થળો પર
અવસ્થિતાઃ	અવસ્થિત રહેતાં (સ્થિરતાથી સ્થિર રહેતાં - તે સ્થળને નહીં છોડતાં)
ભવન્તઃ	આપ લોકો

સર્વે, એવ	બધા જ (અમારા બધાની રક્ષા કરતાં)
ભીષ્મમ્	ભીષ્મપિતામહની (કે જેઓ આપણા સેનાપતિ છે અને આપણું બળ છે તેમની)
એવ	જ
અભિરક્ષન્તુ	સર્વ પ્રકારે રક્ષા કરો ॥ ૧૧ ॥

ભાવાર્થ – વ્યૂહ પ્રવેશ માર્ગોમાં (વ્યૂહબદ્ધ સેનામાં જે સ્થળેથી વ્યૂહમાં પ્રવેશ થઈ શકે તે માર્ગોમાં) અને (તે સિવાયનાં સેનાનાં બીજાં સ્થળોએ પણ) પોતપોતાને સોંપાયેલ સ્થળો પર અવસ્થિત રહેતાં (સ્થિરતાથી સ્થિર રહેતાં - તે સ્થળને નહીં છોડતાં) આપ લોકો બધા જ (અમારા બધાની રક્ષા કરતાં) ભીષ્મપિતામહની (કે જેઓ આપણા સેનાપતિ છે અને આપણું બળ છે તેમની) જ સર્વ પ્રકારે રક્ષા કરો ॥ ૧૧ ॥

તસ્ય સંજયનયન્ હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ ।
સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શંખં દધ્મૌ પ્રતાપવાન્ ॥ ૧૨ ॥

અન્વય	અર્થ
પ્રતાપવાન્	અતિ પ્રતાપી
કુરુવૃદ્ધઃ	કૌરવોમાં વૃદ્ધ
પિતામહઃ	પિતામહ ભીષ્મે
તસ્ય	તેના (દુર્યોધનના) (મનમાં)
હર્ષમ્	હર્ષને - પ્રસન્નતાને
સંજનયન્	ઉત્પન્ન કરતાં
ઉચ્ચૈઃ	(મુખ ઊંચું રાખીને) ઉચ્ચ સ્વરમાં
સિંહનાદમ્	સિંહની ગર્જના સમાન
વિનદ્ય	ગર્જીને
શંખમ્	શંખ

દધ્મૌ	વગાડ્યો ॥ ૧૨ ॥

ભાવાર્થ – (તદનન્તર) અતિ પ્રતાપી કૌરવોમાં વૃદ્ધ પિતામહ ભીષ્મે તેના (દુર્યોધનના) (મનમાં) હર્ષને - પ્રસન્નતાને ઉત્પન્ન કરતાં (મુખ ઊંચું રાખીને) સિંહની ગર્જના સમાન ગર્જીને શંખ વગાડ્યો ॥ ૧૨ ॥

તતઃ શંખાશ્ચભેર્યશ્ચ પણવાનકગોમુખાઃ ।
સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દસ્તુમુલોડભવત્ ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
તતઃ	તે પછી (ભીષ્મના શંખનાદ પછી)
શંખાઃ	(અનેક) શંખો
ચ	અને
ભેર્યઃ	મોટાં નગારાંઓ
ચ	તથા
પણવ-આનક ગોમુખાઃ	પણવો-આનકો-ગોમુખો (એક પ્રકારના ઢોલ જેવા યુદ્ધમાં વગાડાતાં વાજિંત્રો)
સહસા	એકી સાથે
એવ	જ
અભ્યહન્યન્ત	વાગવા લાગ્યા (એ બધાનો)
સઃ	તે
શબ્દઃ	શબ્દ
તુમુલઃ	ભયંકર કોલાહલવાળો
અભવત્	થયો ॥ ૧૩ ॥

ભાવાર્થ – તે પછી (ભીષ્મના શંખનાદ પછી) અનેક શંખો અને મોટાં નગારાઓ તથા પણવો - આનકો - ગોમુખો (એક પ્રકારના ઢોલ જેવા યુદ્ધમાં વગાડાતાં વાજિંત્રો) એકી સાથે જ વાગવા લાગ્યા (એ બધાનો) તે શબ્દ ભયંકર કોલાહલવાળો થયો ॥ ૧૩ ॥

તતઃ શ્વેતૈર્હયૈર્યુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ ।
માધવઃ પાંડવશ્ચૈવ દિવ્યૌ શંખૌ પ્રદધ્મતુઃ ॥ ૧૪ ॥

અન્વય	અર્થ
તતઃ	તે પછી (તે શંખો વગેરેનો કોલાહલ થયો ત્યારે) (કૌરવોની પ્રવૃત્તિ પછી)
શ્વેતૈઃ	સફેદ વર્ણના
હયૈઃ	(ચાર) ઘોડાઓથી
યુક્તે	યુક્ત (જોડાયેલા)
મહતિ	(અગ્નિએ આપેલ અલૌકિક શક્તિવાળા) ઉત્તમ
સ્યન્દને	(નન્દિઘોષ નામના) રથમાં
સ્થિતૌ	બેઠેલા
માધવઃ	(લક્ષ્મીપતિ એવા) શ્રીકૃષ્ણે
ચ	અને
પાંડવઃ	પાંડુપુત્ર અર્જુને
એવ	પણ (જેનો ધ્વનિ દાનવોના અહંકારને હણનારો છે તેવા)
દિવ્યૌ	દિવ્ય-અલૌકિક
શંખૌ	શંખો (કૃષ્ણ-અર્જુનના બે શંખો)
પ્રદધ્મતુઃ	વગાડયા ॥ ૧૪ ॥

ભાવાર્થ – તે પછી (તે શંખો વગેરેનો કોલાહલ થયો ત્યારે) (કૌરવોની પ્રવૃત્તિ પછી) સફેદ વર્ણના (ચાર) ઘોડાઓથી યુક્ત (જોડાયેલા) (અગ્નિએ

આપેલ અલૌકિક શક્તિવાળા) ઉત્તમ (નન્દિઘોષ નામના) રથમાં બેઠેલા (લક્ષ્મીપતિ એવા) શ્રીકૃષ્ણે અને પાંડુપુત્ર અર્જુને પણ (જેનો ધ્વનિ દાનવોના અહંકારને હણનારો છે તેવા) દિવ્ય-અલૌકિક શંખો (કૃષ્ણ-અર્જુનના બે શંખો) વગાડ્યા ॥ ૧૪ ॥

પાંચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનંજયઃ ।
પૌંડ્રં દધ્મૌ મહાશંખં ભીમકર્મા વૃકોદરઃ ॥ ૧૫ ॥

અન્વય	અર્થ
હૃષીકેશઃ	શ્રીકૃષ્ણે
પાંચજન્યમ્	પાંચજન્ય નામનો (ગુરુ દક્ષિણામાં ગુરુપુત્રને લાવવામાં સમુદ્રમાં રહેલ પંચજન નામના અસુરને મારીને તેનાં શરીર-અસ્થિથી ઉદ્‌ભવેલો શંખ). (તેમજ)
ધનંજયઃ	અર્જુને
દેવદત્તમ્	દેવદત્ત નામનો (પાંડવદાહના અવસરે અગ્નિએ આપેલો) (તેમજ)
વૃકોદરઃ	ભીમે (ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય-પ્રજ્ઞા-મેધા-ધૃતિ- સ્થિતિ-યોગ-પ્રાણ-બલ આ દશ સ્વરૂપના વાયુને વૃકોદર કહેવાય છે અને આ દશ ગુણો વાયુપુત્ર ભીમમાં રહેલા હોવાથી તેનું નામ વૃકોદર પણ છે).
પૌંડ્રમ્	પૌંડ્ર નામનો
મહાશંખમ્	(સ્વરૂપમાં ઘણો મોટો એવો) મહાશંખ
દધ્મૌ	વગાડ્યો ॥ ૧૫ ॥

ભાવાર્થ – શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો (ગુરુદક્ષિણામાં ગુરુપુત્રને લાવવામાં સમુદ્રમાં રહેલ પંચજન નામના આસુરને મારીને તેનાં શરીર-અસ્થિથી ઉદ્‌ભવેલો શંખ) તેમજ અર્જુને દેવદત્ત નામનો (ખાંડવદાહના અવસરે આપેલો) (તેમજ) ભીમે (ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય-પ્રજ્ઞા-મેધા-ધૃતિ -સ્થિતિ-યોગ-પ્રાણ-બલ- આ દશ સ્વરૂપના વાયુને વૃકોદર કહેવાય છે અને આ આ દશ ગુણો વાયુપુત્ર ભીમમાં રહેલા હોવાથી તેનું નામ વૃકોદર પણ છે) પૌંડ્ર નામનો (સ્વરૂપમાં ઘણો મોટો એવો) મહાશંખ વગાડ્યો ॥ ૧૫ ॥

અનન્તવિજયં રાજા કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ ।
નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
કુન્તીપુત્રઃ	કુન્તીના પુત્ર
રાજા	રાજા (ઈન્દ્રપ્રસ્થ રાજ્યના રાજા)
યુધિષ્ઠિરઃ	યુધિષ્ઠિરે
અનન્ત વિજયમ્	અનન્તવિજય નામનો (અને)
નકુલઃ	નકુલે
ચ	તથા
સહદેવઃ	સહદેવે (અનુક્રમે)
સુઘોષ-મણિપુષ્પકૌ	સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડ્યા (નકુલે સુઘોષ નામનો અને સહદેવે મણિપુષ્પક નામનો શંખ વગાડ્યો ॥ ૧૬ ॥

ભાવાર્થ – કુન્તીના પુત્ર રાજા (ઈન્દ્રપ્રસ્થ રાજ્યના રાજા) યુધિષ્ઠિરે અનન્તવિજય નામનો અને નકુલે તથા સહદેવે (અનુક્રમે) સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડ્યા (નકુલે સુઘોષ નામનો અને સહદેવે મણિપુષ્પક નામનો શંખ વગાડ્યો ॥ ૧૬ ॥

કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખંડી ચ મહારથઃ ।
ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચાપરાજિતઃ ॥ ૧૭ ॥
દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે ।
સૌભદ્રશ્ચ મહાબાહુઃ શંખાન્ દધ્મુઃ પૃથક્પૃથક્ ॥ ૧૮ ॥

અન્વય	અર્થ
પરમેષ્વાસઃ	ઉત્તમ ધનુષવાળા
કાશ્યઃ	કાશિરાજ
ચ	અને
મહારથઃ	મહારથી
શિખંડી	શિખંડી (કે જેની ઉત્પત્તિ દેવ-દાનવ સર્વથી અજેય એવા ભીષ્મના વધ માટે થઈ છે)
ચ	અને
ધૃષ્ટદ્યુમ્નઃ	ધૃષ્ટદ્યુમ્ન (રાજા દ્રુપદનો પુત્ર અને ધૃષ્ટકેતુનો પિતા, દ્રુપદે બદલો લેવા દ્રોણાચાર્યના વધ માટે યજ્ઞ દ્વારા આની ઉત્પત્તિ થઈ હતી)
ચ	અને
વિરાટઃ	રાજા વિરાટ (મત્સ્યદેશના રાજા-મત્સ્યદેશ, આધુનિકમાં જયપુર અને અલવર વચ્ચેનો પ્રદેશ છે જે દિલ્હીથી દક્ષિણમાં લગભગ ૧૦૫ માઈલના અન્તર પર આવેલ છે જે આજે વિરાટનગર નામે પ્રસિદ્ધ છે).
ચ	અને
અપરાજિતઃ	જેને જીતવું સરલ નથી તેવો અજેય
સાત્યકિઃ	સાત્યકિ (યદુવંશી સત્યકનો પુત્ર, જેનું બીજું નામ યુયુધાન હતું, આણે શ્રીકૃષ્ણ અને અર્જુનથી ધનુર્વિદ્યાનું

	શિક્ષણ મેળવ્યું હતું) ॥ ૧૭ ॥
દ્રુપદઃ	રાજા દ્રુપદ (પાંચાલ દેશનો અથવા ઉત્તરમાં પાંચાલ દેશનો રાજા - દ્રૌપદીનો પિતા)
ચ	અને
દ્રૌપદેયાઃ	દ્રૌપદીના પાંચ પુત્રો (શ્લોક-૬ની નોંધમાં જણાવ્યું છે)
ચ	અને
મહાબાહુઃ	લાંબી ભુજાવાળા (ટટાર ઊભા રહેતાં જેના હાથની આંગળીઓ ઘુંટણ સુધી પહોંચતી હોય, આને આજાનબાહુ પણ કહેવામાં આવે છે)
સૌભદ્ર	(કૃષ્ણની બહેન સુભદ્રા અને અર્જુનનો પુત્ર)અભિમન્યુ
પૃથિવીપતે	હે રાજન્ (ધૃતરાષ્ટ્ર !)
સર્વશઃ	બધી બાજુથી (અલગ-અલગ વીરોએ)
પૃથક્ પૃથક્	અલગ-અલગ
શંખાન્	શંખોને
દધ્મુઃ	વગાડ્યા ॥ ૧૮ ॥

ભાવાર્થ – ઉત્તમ ધનુષવાળા કાશીરાજ અને મહારથી શિખંડી (કે જેની ઉત્પત્તિ દેવ-દાનવ સર્વથી અજેય એવા ભીષ્મના વધ માટે થઈ છે) અને ધૃષ્ટદ્યુમ્ન (રાજા દ્રુપદનો પુત્ર અને ધૃષ્ટકેતુનો પિતા, દ્રુપદે બદલો લેવા દ્રોણાચાર્યના વધ માટે યજ્ઞ દ્વારા આની ઉત્પત્તિ થઈ હતી) અને રાજા વિરાટ (મત્સ્યદેશના રાજા-મત્સ્યદેશ આધુનિકમાં જયપુર અને અલવર વચ્ચેનો પ્રદેશ છે જે દિલ્હીથી દક્ષિણમાં લગભગ ૧૦૫ માઈલના અન્તર પર આવેલ છે જે આજે વિરાટનગર નામે પ્રસિદ્ધ છે) અને જેને જીતવું સરલ નથી તેવો અજેય સાત્યકિ (યદુવંશી સત્યકનો પુત્ર, જેનું બીજું નામ યુયુધાન હતું, આણે શ્રીકૃષ્ણ અને અર્જુનથી ધનુર્વિદ્યાનું શિક્ષણ મેળવ્યું હતું) ॥ ૧૭ ॥ રાજા દ્રુપદ (પાંચાલ દેશનો અથવા ઉત્તરમાં

પાંચાલદેશનો રાજા - દ્રૌપદીનો પિતા) અને દ્રૌપદીના પાંચ પુત્રો (શ્લોક ૬ની નોંધમાં જણાવ્યું છે) અને લાંબી ભુજાવાળા (ટટાર ઊભા રહેતાં જેના હાથની આંગળીઓ ઘુંટણ સુધી પહોંચતી હોય, આને આજાનબાહુ પણ કહેવામાં આવે છે) (કૃષ્ણની બહેન સુભદ્રા અને અર્જુનનો પુત્ર) અભિમન્યુ, હે રાજન્ (ધૃતરાષ્ટ્ર !) બધી બાજુથી અલગ અલગ વીરોએ અલગ-અલગ શંખોને વગાડ્યા ॥ ૧૮ ॥

સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્ ।
નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્ ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
ચ	તેમજ
સઃ	તે
તુમુલઃ	ભયાનક કોલાહલના
ઘોષઃ	શબ્દે
નભઃ	આકાશ
ચ	અને
પૃથિવીમ્	પૃથિવીને
એવ	પણ
વ્યનુનાદયન્	ગુંજાવતા (નભ અને પૃથિવી બંનેને વિદીર્ણ કરતાં)
ધાર્તરાષ્ટ્રાણાં	ધૃતરાષ્ટ્રના (આપના) પુત્રો તથા તેમના સમર્થકોનાં
હૃદયાનિ	હૃદયોને
વ્યદારયત્	વિદીર્ણ કરી નાંખ્યા (છેદી નાખ્યા) ॥ ૧૯ ॥

ભાવાર્થ – તેમજ તે ભયાનક કોલાહલના શબ્દે આકાશ અને પૃથિવીને પણ ગુંજાવતા (નભ અને પૃથિવી બંનેને વિદીર્ણ કરતાં) ધૃતરાષ્ટ્રના (આપના) પુત્રો તથા તેમના સમર્થકોનાં હૃદયોને વિદીર્ણ કરી નાંખ્યા (છેદી નાંખ્યા) ॥ ૧૯ ॥

અથ વ્યવસ્થિતાન્ દષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ ।
પ્રવૃત્તે શસ્ત્રસમ્પાતે ધનુરુધમ્ય પાંડવઃ ॥ ૨૦ ॥
હૃષીકેશં તદા વાક્યમિદમાહ મહીપતે ।

અન્વય	અર્થ
મહીપતે	હે પૃથિવીપતિ રાજા ધૃતરાષ્ટ્ર !
અથ	તદનન્તર - ત્યાર પછી (શંખોની ધ્વનિના અનન્તર)
કપિધ્વજઃ	જેની ધ્વજામાં કપિ-વાનર-હનુમાન અંકિત છે તેવા
પાંડવઃ	પાંડુપુત્ર અર્જુને
વ્યવસ્થિતાન્	વ્યવસ્થિત થયેલા (વ્યૂહબદ્ધ થયેલી સેનામાં વિશેષ પ્રકારે યુદ્ધના ઉત્સાહમાં જામીને ઊભેલા)
ધાર્તરાષ્ટ્રાન્	ધૃતરાષ્ટ્રના પુત્રો અને તેમના સમર્થકોને
દષ્ટ્વા	જોઈને-નિરીક્ષણ કરીને
તદા	ત્યારે
શસ્ત્રસમ્પાતે	શસ્ત્ર ચલાવવાની તૈયારીના
પ્રવૃત્તે	સમયે
ધનુઃ	ધનુષ
ઉદ્યમ્ય	ઉઠાવીને
હૃષીકેશમ્	શ્રીકૃષ્ણને
ઈદમ્	આ (આ મુજબ)
વાક્યમ્	વચન
આહ	કહ્યાં

ભાવાર્થ – હે પૃથિવીપતિ રાજા ધૃતરાષ્ટ્ર ! તદનન્તર - ત્યાર પછી (શંખોની ધ્વનિના અનન્તર) જેની ધ્વજામાં કપિ-વાનર-હનુમાન અંકિત છે તેવા પાંડુપુત્ર અર્જુને વ્યવસ્થિત થયેલા (વ્યૂહબદ્ધ થયેલી સેનામાં વિશેષ

પ્રકારે યુદ્ધના ઉત્સાહમાં જામીને ઊભેલા) ધૃતરાષ્ટ્રના પુત્રો અને તેમના સમર્થકોને જોઇને - નિરીક્ષણ કરીને ત્યારે શસ્ત્ર ચલાવવાની તૈયારીના સમયે ધનુષ ઉઠાવીને શ્રીકૃષ્ણને આ (આ મુજબ) વચન કહ્યાં ॥ ૨૦ ૧/૨ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેડચ્યુત ॥ ૨૧ ॥

અન્વય	અર્થ
અચ્યુત	હે અચ્યુત - હે શ્રીકૃષ્ણ !
મે	મારા
રથમ્	રથને
ઉભયોઃ	(કૌરવ-પાંડવ) બંને
સેનયોઃ	સેનાના
મધ્યે	વચમાં
સ્થાપય	ઊભો કરો ॥ ૨ ૧ ॥

ભાવાર્થ – હે અચ્યુત - હે શ્રીકૃષ્ણ ! મારા રથને (કૌરવ-પાંડવ) બંને સેનાના વચમાં ઊભો કરો ॥ ૨ ૧ ॥

યાવદેતાન્નિરીક્ષેડહં યોદ્ધુકામાનવસ્થિતાન્ ।
કૈર્મયા સહ યોદ્ધવ્યમસ્મિન્‌રણસમુધમે ॥ ૨૨ ॥

અન્વય	અર્થ
યાવત્	જ્યાં સુધી (કે)
અહં	હું
અવસ્થિતાન્	અવસ્થિત થયેલા (મરણના ભયથી નિર્ભય થઇ ઊભેલા)
યોદ્ધુકામાન્	યુદ્ધ કરવાની અભિલાષાવાળા
એતાન્	આ બધા (વિપક્ષમાં રહેલા યોદ્ધાઓને)
નિરીક્ષે	સારી રીતે જોઇ-સમજી લઉં કે
અસ્મિન્	આ
રણસમુધમે	જેમાં યુદ્ધ માટેનો ઘણો મોટો પ્રયત્ન છે તેવા સંગ્રામમાં
મયા	મારે
કૈઃ	કોની કોની
સહ	સાથે
યોદ્ધવ્યમ્	યુદ્ધ કરવું જોઈએ
(તાવદ્ રથં સ્થાપય)	(ત્યાં સુધી રથને ઊભો રાખો) ॥ ૨ ૨ ॥

ભાવાર્થ – જ્યાં સુધી (કે) હું અવસ્થિત થયેલા (મરણના ભયથી નિર્ભય થઈ ઊભેલા) યુદ્ધ કરવાની અભિલાષાવાળા આ બધા (વિપક્ષમાં રહેલા યોદ્ધાઓને) સારી રીતે જોઈ-સમજી લઉં કે આ જેમાં યુદ્ધ માટેનો ઘણો મોટો પ્રયત્ન છે તેવા સંગ્રામમાં મારે કોની કોની સાથે યુદ્ધ કરવું જોઈએ (ત્યાં સુધી રથને ઊભો રાખો) ॥ ૨ ૨ ॥

યોત્સ્યમાનાનવેક્ષેડહં ય એતેડત્ર સમાગતાઃ ।
ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ॥ ૨૩ ॥

અન્વય	અર્થ
દુર્બુદ્ધેઃ	દુષ્ટબુદ્ધિ (જે પક્ષમાં ભગવાન્ શ્રીકૃષ્ણ હોય તેના સામા પક્ષે ઊભેલાઓ દુષ્ટબુદ્ધિ જ હોય છે) (તેવા)
ધાર્તરાષ્ટ્રસ્ય	દુર્યોધનનું
યુદ્ધે	યુદ્ધમાં
પ્રિયચિકીર્ષવઃ	પ્રિય કરવાની ઈચ્છાવાળા
યે	જે-જે (પણ)
એતે	આ રાજાઓ વગેરે

અત્ર	અહીં (એમની સેનામાં યુદ્ધમાં અહીં)
સમાગતાઃ	આવ્યા છે (એ બધા)
યોત્સ્યમાનાન્	યુદ્ધ કરનારાઓને
અહં	હું
અવેક્ષે	જોઈ લઉં
(તાવદ્ રથં - મધ્યે સ્થાપય)	(ત્યાં સુધી રથને વચમાં ઊભો રાખો) ॥ ૨૩ ॥

ભાવાર્થ – દુષ્ટબુદ્ધિ (જે પક્ષમાં ભગવાન શ્રીકૃષ્ણ હોય તેના સામા પક્ષે ઊભેલાઓ દુષ્ટબુદ્ધિ જ હોય છે) (તેવા) દુર્યોધનનું યુદ્ધમાં પ્રિય કરવાની ઈચ્છાવાળા જે-જે (પણ) આ રાજાઓ વગેરે અહીં (એમની સેનામાં યુદ્ધમાં અહીં) આવ્યા છે (એ બધા) યુદ્ધ કરનારાઓને હું જોઈ લઉં (ત્યાં સુધી રથને વચમાં ઊભો રાખો) ॥ ૨૩ ॥

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત ।
સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ॥ ૨૪ ॥

અન્વય	અર્થ
ભારત	હે ધૃતરાષ્ટ્ર !
ગુડાકેશેન	ગુડાકા એટલે નિદ્રા જેણે જીતી લીધી છે તેવા અર્જુન વડે
એવમ્	(જેમને) આ પ્રમાણે
ઉક્તઃ	કહેવામાં આવ્યું છે (તેવા)
હૃષીકેશઃ	(ઈન્દ્રિયોના ઈશ-પ્રેરક એવા) શ્રીકૃષ્ણે
ઉભયોઃ	(કૌરવ-પાંડવ) બંને
સેનયોઃ	સેનાઓના

મધ્યે	વચમાં
રથોત્તમમ્	(અગ્નિએ આપેલા નન્દિઘોષ નામના) ઉત્તમ રથને
સ્થાપયિત્વા	ઊભો રાખીને - ॥ ૨૪ ॥

ભાવાર્થ – હે ધૃતરાષ્ટ્ર ! ગુડાકા એટલે નિદ્રા જેણે જીતી લીધી છે તેવા અર્જુન વડે (જેમને) આ પ્રમાણે કહેવામાં આવ્યું છે (તેવા) (ઈન્દ્રિયોના ઈશ-પ્રેરક એવા) શ્રીકૃષ્ણે (કૌરવ-પાંડવ) બંને સેનાઓના વચમાં (અગ્નિએ આપેલા નન્દિઘોષ નામના) ઉત્તમ રથને ઊભો રાખીને - ॥ ૨૪ ॥

ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્ ।
ઉવાચ પાર્થ પશ્યૈતાન્ સમવેતાન્ કુરૂનિતિ ॥ ૨૫ ॥

અન્વય	અર્થ
ભીષ્મદ્રોણ-પ્રમુખતઃ	(તે બે સેનાઓના વચમાં પણ વિશેષ કરીને એવા સ્થળે રથ ઊભો કર્યો કે જ્યાં-) ભીષ્મ-દ્રોણની સામે
ચ	અને
સર્વેષામ્	બધા જ
મહીક્ષિતામ્	રાજાઓની સામે (રથ ઊભો કરીને)
ઈતિ	આ પ્રકારે
ઉવાચ	શ્રીકૃષ્ણે (અર્જુનને)કહ્યું કે
પાર્થ	હે પૃથા-કુન્તીપુત્ર અર્જુન !
સમવેતાન્	(યુદ્ધને માટે) ભેગા થયેલા
એતાન્	આ બધા
કુરૂન્	(તેમના સમર્થકો સહિત) કૌરવોને
પશ્ય	જોઈ લે. ॥ ૨૫ ॥

ભાવાર્થ – (તે બે સેનાઓના વચમાં પણ વિશેષ કરીને એવા સ્થળે રથ ઊભો કર્યો કે જ્યાં) ભીષ્મ-દ્રોણની સામે અને બધા જ રાજાઓની સામે (રથ ઊભો કરીને) આ પ્રકારે શ્રીકૃષ્ણે (અર્જુનને) કહ્યું કે હે પૃથા-કુન્તીપુત્ર અર્જુન ! યુદ્ધને માટે ભેગા થયેલા આ બધા (તેમના સમર્થકો સહિત) કૌરવોને જોઈ લે ।। ૨૫ ।।

તત્રાપશ્યત્ સ્થિતાન્ પાર્થઃ પિતૃનથ પિતામહાન્ ।
આચાર્યાન્ માતુલાન્ ભ્રાતૃન્ પુત્રાન્ પૌત્રાન્ સખીંસ્તથા ।। ૨૬ ।।
શ્વશુરાન્ સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।
તાન્ સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્ બન્ધૂનવસ્થિતાન્ ।। ૨૭ ।।
કૃપયા પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્ ।। ૨૭$^{૧}/_{૨}$ ।।

અન્વય	અર્થ
અથ	તદનંતર-ત્યાર પછી
પાર્થઃ	પૃથાપુત્ર અર્જુને
તત્ર	ત્યાં - તે
ઉભયોઃ	(કૌરવ-પાંડવ) બંનેની
એવ	જ
સેનયોઃ	સેનાઓમાં (કોઈક આ સેનામાં અને કોઈક પેલી સેનામાં)
સ્થિતાન્	સ્થિત થયેલા-રહેલા
પિતૃન્	પિતૃ સ્થાનીયોને (કાકાઓ વગેરે-ભૂરિશ્રવા વગેરેને)
પિતામહાન્	દાદાઓ-પિતામહોને (ભીષ્મ-સોમદત્ત વગેરે દાદાના સંબન્ધમાં રહેલાઓને)
આચાર્યાન્	આચાર્યોને- ગુરુજનોને (આચાર્ય દ્રોણ-કૃપાચાર્ય વગેરે ગુરુ-સ્થાનીયોને)
માતુલાન્	મામાઓને (શલ્ય-શકુનિ વગેરે મામાના સંબન્ધમાં રહેલાઓને)
ભ્રાતૃન્	ભાઈઓને (દુર્યોધન-દુઃશાસન વગેરે ભાઈના સંબન્ધમાં રહેલાઓને)
પુત્રાન્	પુત્રોને (દુર્યોધન વગેરે ભાઈઓના લક્ષ્મણ વગેરે પુત્રો કે જે અર્જુન માટે પણ પુત્ર સ્થાનીય છે તેમને)
પૌત્રાન્	પૌત્રોને -પુત્રોના પુત્રોને (દુર્યોધન વગેરે ભાઈઓના લક્ષ્મણ વગેરે પુત્રોના પુત્રોને કે જે અર્જુન માટે પૌત્ર સંબન્ધમાં રહેલા છે તેમને)
તથા	તેમજ
સખીન્	મિત્રોને (બાળપણમાં રમતગમતમાં સાથે રહેલાઓ અશ્વત્થામા વગેરેને) ।। ૨૬ ।।
શ્વશુરાન્	સસરાઓને - સાસરા પક્ષના લોકોને (પોતાના પક્ષમાં રહેલા યોદ્ધાઓના સાસરાપક્ષના લોકોને કૃતવર્મા વગેરેને)
ચ	અને (વેવાઈઓ વગેરેને)
સુહૃદઃ	પોતાના શુભચિન્તકોને (સામા પક્ષે રહીને પણ પોતાને માટે શુભચિન્તન કરનારાઓ, અથવા સામા પક્ષે રહેલા છતાં પણ પોતાને પ્રિય એવા લોકોને)
અપિ	પણ
અપશ્યત્	જોયા.
તાન્	તે (ઉપર જણાવ્યા મુજબના)
અવસ્થિતાન્	ઊભા રહેલા
સર્વાન્	બધા જ
બન્ધૂન્	બન્ધુ-બાન્ધવોને
સમીક્ષ્ય	સારી રીતે જોઈને-નિરખીને
સઃ	તે (બધા બન્ધુ-બાંધવોને જોનાર)

કૌન્તેયઃ	કુન્તીપુત્ર અર્જુન ॥ ૨૭ ॥
પરયા	અતિશય
કૃપયા	કરુણાના
આવિષ્ટઃ	આવેશવાળો થઈને
વિષીદન્	વિષાદ-શોક કરતાં
ઈદમ્	આ (મુજબનાં વચનો)
અબ્રવીત્	બોલ્યો ॥ ૨૭ ૧/૨ ॥

ભાવાર્થ – તદનન્તર - ત્યાર પછી પૃથાપુત્ર અર્જુને ત્યાં - તે (કૌરવ-પાંડવ) બંનેની જ સેનાઓમાં (કોઈક આ સેનામાં અને કોઈક પેલી સેનામાં) સ્થિત થયેલા - રહેલા પિતૃસ્થાનીયોને (કાકાઓ વગેરે-ભૂરિશ્રવા વગેરેને), દાદાઓ-પિતામહોને (ભીષ્મ-સોમદત્ત વગેરે દાદાના સમ્બન્ધમાં રહેલાઓને), આચાર્યોને - ગુરુજનોને (આચાર્ય દ્રોણ-કૃપાચાર્ય વગેરે ગુરુ-સ્થાનીયોને), મામાઓને (શલ્ય-શકુનિ વગેરે મામાના સંબન્ધમાં રહેલાઓને), ભાઈઓને (દુર્યોધન-દુઃશાસન વગેરે ભાઈના સંબન્ધમાં રહેલાઓને), પુત્રોને (દુર્યોધન વગેરે ભાઈઓના લક્ષ્માણ વગેરે પુત્રો કે જે અર્જુન માટે પણ પુત્ર સ્થાનીય છે તેમને), પૌત્રોને -પુત્રોના પુત્રોને (દુર્યોધન વગેરે ભાઈઓના લક્ષ્માણ વગેરે પુત્રોના પુત્રોને કે જે અર્જુન માટે પૌત્ર સંબન્ધમાં રહેલા છે તેમને) તેમજ મિત્રોને (બાળપણમાં રમતગમતમાં સાથે રહેલાઓ અશ્વત્થામા વગેરેને), સસરાઓને - સાસરા પક્ષના લોકોને (પોતાના પક્ષમાં રહેલા યોદ્ધાઓના સાસરાપક્ષના લોકોને કૃતવર્મા વગેરેને), અને (વેવાઈઓ વગેરેને), પોતાના શુભચિન્તકોને (સામા પક્ષે રહીને પણ પોતાને માટે શુભચિન્તન કરનારાઓ, અથવા સામા પક્ષે રહેલા છતાં પણ પોતાને પ્રિય એવા લોકોને) પણ જોયા. તે (ઉપર જણાવ્યા મુજબના) ઊભા રહેલા બધા જ બન્ધુ-બાન્ધવોને સારી રીતે જોઈને-નિરખીને તે (બધા બન્ધુ-બાંધવોને જોનાર) કુન્તીપુત્ર અર્જુન અતિશય કરુણાના આવેશવાળો થઈને વિષાદ-શોક કરતાં આ (મુજબનાં વચનો) બોલ્યો ॥ ૨૬-૨૭ ૧/૨ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥ ૨૮ ॥
સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।
વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥ ૨૯ ॥
ગાંડીવં સ્રંસતે હસ્તાત્ ત્વક્ચૈવ પરિદહ્યતે ।
ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥ ૩૦ ॥
નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।
ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ॥ ૩૧ ॥

અન્વય	અર્થ
કૃષ્ણ	હે કૃષ્ણ !
સમુપસ્થિતમ્	(મરો યા મારોની બુદ્ધિથી યુદ્ધથી પાછા નહીં હટવાની મનોદશાને લઈ) સારી રીતે ડટીને ઊભેલા
યુયુત્સુમ્	યુદ્ધની અભિલાષાવાળા
ઈમમ્	આ
સ્વજનમ્	(આપણાં જ મામા-કાકા-મિત્રો વગેરે) સ્વજનોને
દૃષ્ટ્વા	જોઈને ॥ ૨૮ ॥
મમ	મારાં
ગાત્રાણિ	(હાથ-પગ વગેરે) ગાત્રો
સીદન્તિ	શિથિલ થતાં જઈ રહ્યા છે
ચ	અને
મુખમ્	મુખ

પરિશુષ્યતિ	સુકાતું જઈ રહ્યું છે
ચ	તેમજ
મે	મારા
શરીરે	શરીરમાં
વેપથુઃ	કંપ થઈ રહ્યો છે (કાંપી રહ્યું છે)
ચ	અને
રોમહર્ષઃ	રોમાંચ (રૂંવાડા ઊભા થવા)
જાયતે	થઈ રહ્યો છે (તેમજ) ॥ ૨૯ ॥
ગાંડીવમ્	ગાંડીવધનુષ
હસ્તાત્	હાથમાંથી
સંસતે	નીચે સરકતું જઈ રહ્યું છે
ચ	અને
ત્વક્	ત્વચા (ચામડીમાં)
અપિ	પણ
પરિદહ્યતે	સર્વત્ર બળતરા થઈ રહી છે
ચ	તથા
મે	મારું
મનઃ	મન
ભ્રમતિ, ઈવ	ભ્રમિત જેવું થઈ રહ્યું છે (તેથી હું)
અવસ્થાતુમ્	ઊભા રહેવા માટે
ચ	પણ
ન શક્નોમિ	સમર્થ નથી ॥ ૩૦ ॥
કેશવ	(તેમજ) હે કેશવ-હે કૃષ્ણ !
નિમિત્તાનિ	લક્ષણો-શુકન
ચ	પણ

વિપરીતાનિ	વિપરીત-અપશુકન
પશ્યામિ	જોઈ રહ્યો છું.
આહવે	(તેમજ) યુદ્ધમાં
સ્વજનમ્	સ્વજનોને
હત્વા	હણીને (તે પછી)
શ્રેયઃ	કલ્યાણ
ચ	પણ
ન	નથી
અનુપશ્યામિ	જોતો ॥ ૨૮-૩૧ ॥

ભાવાર્થ – હે કૃષ્ણ ! (મરો યા મારોની બુદ્ધિથી યુદ્ધથી પાછા નહીં હટવાની મનોદશાને લઈ) સારી રીતે ડટીને ઊભેલા યુદ્ધની અભિલાષાવાળા આ (આપણાં જ મામા-કાકા-મિત્રો વગેરે) સ્વજનોને જોઈને મારા (હાથ-પગ વગેરે) ગાત્રો શિથિલ થતાં જઈ રહ્યા છે અને મુખ સુકાતું જઈ રહ્યું છે, તેમજ મારું શરીર કાંપી રહ્યું છે અને રોમાંચ (રૂંવાડા ઊભા થવા) થઈ રહ્યા છે, (તેમજ) ગાંડીવ ધનુષ હાથમાંથી નીચે સરકતું જઈ રહ્યું છે અને ત્વચા (ચામડીમાં) પણ સર્વત્ર બળતરા થઈ રહી છે, તથા મારું મન ભ્રમિત જેવું થઈ રહ્યું છે, (તેથી હું) ઊભા રહેવા માટે પણ સમર્થ નથી. (તેમજ) હે કેશવ - હે કૃષ્ણ ! લક્ષણો-શુકન પણ વિપરીત-અપશુકન જોઈ રહ્યો છું. (તથા) સ્વજનોને હણીને તે પછી કલ્યાણ પણ નથી જોતો ॥ ૨૮ - ૩૧ ॥

ન કાંક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।
કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા ॥ ૩૨ ॥
યેષામર્થે કાંક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।
ત ઈમેડવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ ॥ ૩૩ ॥

અન્વય	**અર્થ**
કૃષ્ણ	હે કૃષ્ણ !
ન	(તે કલ્યાણને છોડીને) ન તો
વિજયમ્	(સંગ્રામમાં) વિશિષ્ટ જયને
કાંક્ષે	(હું) ઈચ્છું છું,
ચ	તેમજ
ન	ન તો
રાજ્યમ્	રાજ્યને
ચ	તેમજ (વિજય-રાજ્ય બંનેથી થનારા)
સુખાનિ	સુખોને (હું ઈચ્છુ છું).
ગોવિન્દ	હે ગોવિન્દ ! (હે ગાયોનું પરમ ઐશ્વર્ય એવા શ્રીકૃષ્ણ !)
નઃ	આપણને
રાજ્યેન	(જેમાં બધાં સ્વજનો હણાઇ ગયાં હોય તેવા) રાજ્યથી
કિમ્	શું પ્રયોજન કે શો લાભ !
વા	અથવા (સ્વજનોનો વધ કરીને પ્રાપ્ત થનારા આવા)
ભોગૈઃ	ભોગો (મેળવીને પણ)
વા	અથવા (સ્વજનોને હણીને તેમના વિનાના)
જીવિતેન	જીવનથી (પણ)
કિમ્	શો લાભ ! ॥ ૩૨ ॥
નઃ	આપણે
યેષામ્	જેમના
અર્થે	માટે (અથવા જેમની સાથે રહીને)
રાજ્યમ્	રાજ્ય
ભોગાઃ	વિવિધ ભોગો

ચ	અને
સુખાનિ	વિવિધ પ્રકારનાં સુખોની
કાંક્ષિતમ્	આકાંક્ષા કરી છે (અથવા આકાંક્ષા કરીએ છીએ)
તે	તે (જ)
ઈમે	આ બધાં
ધનાનિ	ધન-સમ્પત્તિ
ચ	અને
પ્રાણાત્	પ્રાણોને
ત્યક્ત્વા	ત્યાગીને (જીવનની આશા ત્યાગીને)
યુદ્ધે	(આ મહાભયાનક) યુદ્ધમાં
અવસ્થિતાઃ	ઊભા રહ્યા છે ॥ ૩૩ ॥

ભાવાર્થ – હે કૃષ્ણ ! (તે કલ્યાણને છોડીને) ન તો સંગ્રામમાં વિશિષ્ટ જયને હું ઈચ્છું છું, તેમજ ન તો રાજ્યને તેમજ (વિજય-રાજ્ય બંનેથી થનારાં સુખોને (હું ઈચ્છુ છું). હે ગોવિન્દ ! (હે ગાયોનું પરમ ઐશ્વર્ય એવા શ્રીકૃષ્ણ !) આપણને (જેમાં બધાં સ્વજનો હણાઈ ગયાં હોય તેવા) રાજ્યથી શું પ્રયોજન કે શો લાભ ! અથવા (સ્વજનોનો વધ કરીને પ્રાપ્ત થનારા આવા) ભોગો (મેળવીને પણ) અથવા (સ્વજનોને હણીને તેમના વિનાના) જીવનથી (પણ) શો લાભ ! ॥ ૩૨ ॥ આપણે જેમના માટે (અથવા જેમની સાથે રહીને) રાજ્ય, વિવિધ ભોગો અને વિવિધ પ્રકારનાં સુખોની આકાંક્ષા કરી છે (અથવા આકાંક્ષા કરીએ છીએ) તે (જ) આ બધાં ધન-સમ્પત્તિ અને પ્રાણોને ત્યાગીને (જીવનની આશા ત્યાગીને) (આ મહા ભયાનક) યુદ્ધમાં ઊભા રહ્યા છે ॥ ૩૩ ॥

આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ ।
માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સમ્બન્ધિનસ્તથા ॥ ૩૪ ॥

એતાન્ન હન્તુમિચ્છામિ ઘ્નતોડપિ મધુસૂદન ।
અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિં નુ મહીકૃતે ॥ ૩૫ ॥

અન્વય	અર્થ
આચાર્યાઃ	આચાર્યો - ગુરુજનો,
પિતરઃ	પિતાના સમાન કાકા વગેરે,
પુત્રાઃ	પુત્રો
ચ	અને
તથા, એવ	તે જપ્રકારે
પિતામહાઃ	દાદાઓ,
માતુલાઃ	મામાઓ,
શ્વશુરાઃ	સસરાઓ (અથવા સાસરા પક્ષના લોકો),
પૌત્રાઃ	પૌત્રો (પુત્રના પુત્રો),
શ્યાલાઃ	સાળાઓ (પત્નીના ભાઈઓ),
તથા	તેમજ (બીજા પણ)
સમ્બન્ધિનઃ	સમ્બન્ધ ધરાવતા લોકો (છે) ॥ ૩૪ ॥
મધુસૂદન	હે મધુ નામના દૈત્યને મારનારા શ્રીકૃષ્ણ !
ઘ્નતઃ	(આ બધા મને હણી નાખે તો) હણાઈને
અપિ	પણ (તેમજ)
ત્રૈલોક્ય - રાજ્યસ્ય	ત્રણ લોકના રાજ્યના
હેતોઃ	હેતુને લઈને
અપિ	પણ (હું)
એતાન્	આ બધાં (સ્વજનોને)
હન્તુમ્	હણવા

અન્વય	અર્થ
ન	નથી
ઈચ્છામિ	ઈચ્છા રાખતો (તો પછી)
મહીકૃતે	આ પૃથિવીના રાજ્ય માટે તો
નુકિમ્	કહેવાનું જ શું હોય ? ॥ ૩૫ ॥

ભાવાર્થ – આચાર્યો-ગુરુજનો, પિતાના સમાન કાકાઓ વગેરે, પુત્રો અને તે જ પ્રકારે દાદાઓ, મામાઓ, સસરાઓ (અથવા સાસરા પક્ષના લોકો), પૌત્રો (પુત્રના પુત્રો), સાળાઓ (પત્નીના ભાઈઓ), તેમજ બીજા પણ સમ્બન્ધ ધરાવતા લોકો (છે) ॥ ૩૪ ॥ હે મધુ નામના દૈત્યને મારનારા શ્રીકૃષ્ણ (આ બધા મને હણી નાખે તો) હણાઈને પણ (તેમજ) ત્રણ લોકના રાજ્યના હેતુને લઈને પણ (હું) આ બધાં (સ્વજનોને) હણવા નથી ઈચ્છા રાખતો (તો પછી) આ પૃથિવીના રાજ્ય માટે તો કહેવાનું જ શું હોય ? ॥ ૩૫ ॥

નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન ।
પાપમેવાશ્રયેદસ્માન્ હત્વૈતાનાતતાયિનઃ ॥ ૩૬ ॥
તસ્માન્નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રાન્ સ્વબાન્ધવાન્ ।
સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥ ૩૭ ॥

અન્વય	અર્થ
જનાર્દન	હે અવિદ્યાને દૂર કરનારા શ્રીકૃષ્ણ !
ધાર્તરાષ્ટ્રાન્	ધૃતરાષ્ટ્રના પુત્રોને
નિહત્ય	મારીને
નઃ	આપણને
કા	કઈ
પ્રીતિઃ	પ્રસન્નતા-પ્રિયતા
સ્યાત્	થશે ?

એતાન્	આ બધા
આતતાયિનઃ	આતતાયિઓને[1] (આતતાયી એવા ધૃતરાષ્ટ્રના પુત્રો તથા તેમના સમર્થકોને)
હત્વા	હણીને (તો)
અસ્માન્	આપણને
પાપમ્	પાપ
એવ	જ
આશ્રયેત્	લાગશે (આપણે પાપનો જ આશ્રય કરનારા થઈશું) ॥૩૬ ॥
તસ્માત્	તેથી કરીને
માધવ	હે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ !
સ્વબાન્ધવાન્	પોતાના જ બાન્ધવો એવા
ધાર્તરાષ્ટ્રાન્	ધૃતરાષ્ટ્રના પુત્રોને
હન્તુમ્	હણવા માટે
વયમ્	આપણે
ન, અર્હાઃ	યોગ્ય નથી (તે આપણા માટે યોગ્ય નથી)
હિ	કારણ કે
સ્વજનમ્	પોતાના જ બાન્ધવોને
હત્વા	મારીને (આપણે)
કથમ્	કેવી રીતે - કેમ કરીને

---

[1] - (આતતાયી : 'અગ્નિદો ગરદશ્ચૈવ શસ્ત્રપાણિર્ધનાપહઃ । ક્ષેત્ર-દારાડપહર્તા ચ ષડેતે આતતાયિનઃ' (મનુસ્મૃ. ૧-૭-૧૬)

અર્થાત્ - જ્યાં ત્યાં વસ્તીમાં આગ ચાંપનાર, દગાથી ઝેર આપનાર, હાથમાં શસ્ત્ર ધારણ કરનાર (જેને તેને શસ્ત્રથી મારનાર), જમીન ઝૂંટવી લેનાર અને સ્ત્રીઓનું અપહરણ કરનાર આ છ પ્રકારવાળાઓ આતતાયી છે.)

સુખિનઃ	સુખી
સ્યામ	થઈશું ? ॥ ૩૭ ॥

ભાવાર્થ – હે અવિદ્યાને દૂર કરનારા શ્રીકૃષ્ણ ! ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને આપણને કઈ પ્રસન્નતા-પ્રિયતા થશે ? આ બધા આતતાયિઓને (આતતાયી એવા ધૃતરાષ્ટ્રના પુત્રો તથા તેમના સમર્થકોને) હણીને તો આપણને પાપ જ લાગશે (આપણે પાપનો જ આશ્રય કરનારા થઈશું ॥ ૩૬ ॥ તેથી કરીને હે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ! પોતાના જ બાન્ધવો એવા ધૃતરાષ્ટ્રના પુત્રોને હણવા માટે આપણે યોગ્ય નથી (તે આપણા માટે યોગ્ય નથી). કારણ કે પોતાના જ બાન્ધવોને મારીને (આપણે) કેવી રીતે -કેમ કરીને સુખી થઈશું ॥ ૩૭ ॥

યદ્યપ્યેતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ ।
કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ ॥ ૩૮ ॥
કથં ન જ્ઞેયમસ્માભિઃ પાપાદસ્માન્ નિવર્તિતુમ્ ।
કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્ભિર્જનાર્દન ॥ ૩૯ ॥

અન્વય	અર્થ
યદ્યપિ	જો કે
લોભોપહત-	(બીજાનું દ્રવ્ય ઝૂંટવી લેવાના) લોભથી વિશેષ પ્રકારે
ચેતસઃ	ભ્રમિત થયેલું - ભ્રષ્ટ થયેલું છે ચિત્ત જેનું એવા
એતે	આ લોકો (ધૃતરાષ્ટ્રના પુત્રો અને સમર્થકો)
કુલક્ષયકૃતમ્	કુલના નાશથી થનાર
દોષમ્	દોષને
ચ	અને
મિત્રદ્રોહે	પોતાના મિત્રોનો દ્રોહ કરવાથી (પ્રાપ્ત થનાર)
પાતકમ્	પાતકને

ન	નથી
પશ્યન્તિ	જોતા (તેમ છતાં પણ) ॥ ૩૮ ॥
જનાર્દન	અવિદ્યાનો નાશ કરનારા હે શ્રીકૃષ્ણ !
કુલક્ષયકૃતમ્	કુલના નાશથી પ્રાપ્ત થનાર
દોષમ્	દોષને
પ્રપશ્યદ્ભિઃ	જોનારા-વિચારનારા એવા
અસ્માભિઃ	આપણે લોકોએ
અસ્માત્	આ (પ્રાપ્ત થનારા)
પાપાત્	પાપથી
નિવર્તિતુમ્	દૂર હટવા માટે
કથમ્	શા માટે
ન	નહીં
જ્ઞેયમ્	જાણવું-વિચારવું જોઈએ ? ॥ ૩૯ ॥

ભાવાર્થ – જો કે (બીજાનું દ્રવ્ય ઝૂંટવી લેવાના) લોભથી વિશેષ પ્રકારે ભ્રમિત થયેલું - ભ્રષ્ટ થયેલું છે ચિત્ત જેનું એવા આ લોકો (ધૃતરાષ્ટ્રના પુત્રો અને સમર્થકો) કુલના નાશથી થનાર દોષને અને પોતાના મિત્રોનો દ્રોહ કરવાથી (પ્રાપ્ત થનાર) પાતકને નથી જોતાં (તેમ છતાં પણ) ॥ ૩૮ ॥ અવિદ્યાનો નાશ કરનારા એવા હે શ્રીકૃષ્ણ ! કુલના નાશથી પ્રાપ્ત થનાર દોષને જોનારા-વિચારનારા એવા આપણે લોકોએ આ (પ્રાપ્ત થનારા) પાપથી દૂર હટવા માટે શા માટે નહીં જાણવું -વિચારવું જોઈએ ? ॥ ૩૯ ॥

કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધર્મોડભિભવત્યુત ॥ ૪૦ ॥
અધર્માભિભવાત્ કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ ।
સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ ॥ ૪૧ ॥

અન્વય	અર્થ
કુલક્ષયે	કુલનો નાશ થતાં
સનાતનાઃ	પરમ્પરાથી ચાલ્યા આવતા
કુલધર્માઃ	કુલ સમ્બન્ધી ધર્મો
પ્રણશ્યન્તિ	પ્રકૃષ્ટતાએ નાશ પામે છે (એટલે કે ફરીથી પાછા તે ધર્મો સ્થાપિત થઈ શકે નહીં તેવા સ્વરૂપમાં નાશ પામે છે) (અને)
ધર્મે	(કુલ) ધર્મનો
નષ્ટે	નાશ થતાં
કૃત્સ્નમ્	સમ્પૂર્ણ
કુલમ્	કુલમાં (કુલના આબાલવૃદ્ધ સર્વ સ્ત્રીપુરુષોમાં)
અધર્મઃ	અધર્મ (વેદ-શાસ્ત્ર વિરુદ્ધ અવિચારી ક્રિયાઓ વિધર્મ-પરધર્મ-આભાસ-ઉપમા-છલ)
ઉત	પણ
અભિભવતિ	વ્યાપી જાય છે- ઘણો જ ફેલાઇ જાય છે ॥ ૪૦ ॥
કૃષ્ણ	હે કૃષ્ણ !
અધર્માભિભવાત્	(આ રીતે સર્વમાં) અધર્મ ફેલાઇ જવાથી
કુલસ્ત્રિયઃ	કુલાંગનાઓ-કુલની સ્ત્રીઓ
પ્રદુષ્યન્તિ	પ્રકૃષ્ટતાએ (વ્યભિચાર વગેરે) દોષોથી યુક્ત થાય છે (અને)
વાર્ષ્ણેય	વૃષ્ણિના વંશમાં[1] ઉત્પન્ન હે શ્રીકૃષ્ણ
સ્ત્રીષુ	સ્ત્રીઓ
દુષ્ટાસુ	(વ્યભિચાર વગેરે દોષોથી) દુષ્ટ થતાં
વર્ણસંકરઃ	બે જુદા વર્ણોના મિશ્રણવાળી - તેમાં પણ વિશેષ કરીને

	પ્રતિલોમ મિશ્રણવાળી પ્રજા, અથવા વિવાહિત પતિ સિવાયના અન્યપુરુષથી અધર્મના સ્વરૂપવાળી (જેનો વૈદિક ધર્મ-કર્મમાં હવ્ય-કવ્યાદિમાં અધિકાર નથી એવી પ્રજા).
જાયતે	ઉત્પન્ન થાય છે ॥ ૪૧ ॥

ભાવાર્થ – કુલનો નાશ થતાં પરમ્પરાથી ચાલ્યા આવતા કુલ સમ્બન્ધી ધર્મો પ્રકૃષ્ટતાએ નાશ પામે છે (એટલે કે ફરીથી પાછો તે ધર્મ સ્થાપિત થઈ શકે નહીં તેવા સ્વરૂપમાં નાશ પામે છે) (અને) (કુલ) ધર્મનો નાશ થતાં સમ્પૂર્ણ કુલમાં (કુલના આબાલવૃદ્ધ સર્વ સ્ત્રી-પુરુષોમાં) અધર્મ (વેદ-શાસ્ત્ર વિરુદ્ધ અવિચારી ક્રિયાઓ વિધર્મ-પરધર્મ-આભાસ-ઉપમા-છલ) પણ વ્યાપી જાય છે- ઘણો જ ફેલાઈ જાય છે ॥ ૪૦ ॥ હે કૃષ્ણ ! (આ રીતે સર્વમાં) અધર્મ ફેલાઈ જવાથી કુલાંગનાઓ - કુલની સ્ત્રીઓ પ્રકૃષ્ટતાએ (વ્યભિચાર વગેરે) દોષોથી યુક્ત થાય છે (અને) વૃષ્ણિના વંશમાં ઉત્પન્ન હે શ્રીકૃષ્ણ ! સ્ત્રીઓ (વ્યભિચાર વગેરે દોષોથી) દુષ્ટ થતાં બે જુદા વર્ણોના મિશ્રણવાળી-તેમાં પણ વિશેષ કરીને પ્રતિલોમ મિશ્રણવાળી પ્રજા, અથવા વિવાહિત પતિ સિવાયના અન્ય પુરુષથી અધર્મ (જેનો વૈદિક ધર્મ-કર્મમાં, હવ્ય-કવ્યમાં અધિકાર નથી એવી) પ્રજા ઉત્પન્ન થાય છે ॥ ૪૧ ॥

સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।
પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિંડોદક ક્રિયાઃ ॥ ૪૨ ॥
દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈઃ ।
ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥ ૪૩ ॥

અન્વય	અર્થ
સંકરઃ	વર્ણસંકર પ્રજા
કુલસ્ય	કુલને
નરકાય	નરકમાં લઈ જવા માટે
એવ	જ (હોય છે)
ચ	અને
એષાં	આમના
પિતરઃ	(સ્વર્ગસ્થ) પિતૃઓ
હિ	પણ
લુપ્તપિંડોદક	પિંડ (શ્રાદ્ધ) અને ઉદર (તર્પણ) ક્રિયા લુપ્ત થઈ
ક્રિયાઃ	ગયેલા હોવાથી
પતન્તિ	(સ્વર્ગથી યા ઉપરના લોકોથી નીચે) પડે છે (તેમનું અધઃપતન થાય છે) ॥ ૪૨ ॥
એતૈઃ	આ
વર્ણસંકરકારકૈઃ	વર્ણસંકર પ્રજાને કરનારા
દોષૈઃ	દોષો વડે
કુલઘ્નાનામ્	કુલઘાતીઓના
શાશ્વતાઃ	પરમ્પરાથી ચાલ્યા આવતા - સદા કાળના
કુલધર્માઃ	કુલધર્મો
ચ	અને
જાતિધર્માઃ	જાતિધર્મો
ઉત્સાદ્યન્તે	નષ્ટ થઈ જાય છે ॥ ૪૩ ॥

ભાવાર્થ – વર્ણસંકર પ્રજા કુલને નરકમાં લઈ જવા માટે જ (હોય છે) અને આમના (સ્વર્ગસ્થ) પિતૃઓ પણ પિંડ (શ્રાદ્ધ) અને ઉદક (તર્પણ) ક્રિયા લુપ્ત થઈ ગયેલા હોવાથી (સ્વર્ગથી યા ઉપરના લોકોથી નીચે) પડે છે (તેમનું અધઃપતન થાય છે) ॥ ૪૨ ॥ આ વર્ણસંકર પ્રજાને કરનારા દોષો વડે કુલઘાતીઓના પરમ્પરાથી ચાલ્યા આવતા સદાકાળના કુલધર્મો અને જાતિધર્મો નષ્ટ થઈ જાય છે ॥ ૪૩ ॥

ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન ।
નરકે નિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥ ૪૪ ॥
અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વ્યમ્ ।
યદ્રાજયસુખલોભેન હન્તું સ્વજનમુદ્યતાઃ ॥ ૪૫ ॥

અન્વય	અર્થ
જનાર્દન	સકલ અવિદ્યાનો નાશ કરનારા હે શ્રીકૃષ્ણ !
ઉત્સન્નકુલ-ધર્માણામ્	જેમનો કુલધર્મ નષ્ટ થયો છે (એવા)
મનુષ્યાણામ્	મનુષ્યોનો
નિયતમ્	શાસ્ત્ર નિયમ અનુસાર નક્કી જ
નરકે	નરકમાં
વાસઃ	વાસ
ભવતિ	થાય છે
ઈતિ	એમ
અનુ	વારંવાર (વ્યાસ વગેરે જ્ઞાનીજનોથી)
શુશ્રુમ	સાંભળતા આવ્યા છીએ ॥ ૪૪ ॥
અહો	હા !
બત	આશ્ચર્યસહિત દુઃખની વાત છે કે
વયમ્	(યુધિષ્ઠિર-ભીમસહિત) આપણે બધા (જાણી-સમજીને પણ)
મહત્	(સ્વજન વધ કરવાના) મહાન્
પાપમ્	પાપને
કર્તુમ્	કરવા
વ્યવસિતાઃ	(યુદ્ધ કરવાનો) નિશ્ચય કરેલા છીએ

યત્	જે (માત્ર)
રાજ્યસુખ-લોભેન	રાજ્યસુખ મેળવવાના લોભને લઈ
સ્વજનમ્	સ્વજનોને
હન્તુમ્	હણવા માટે (નો)
ઉદ્યતાઃ	ઉદ્યમ કરવાવાળા થયા છીએ ॥ ૪૫ ॥

ભાવાર્થ – સકલ અવિદ્યાનો નાશ કરનારા હે શ્રીકૃષ્ણ ! જેમનો કુલધર્મ નષ્ટ થયો છે (એવા) મનુષ્યોનો શાસ્ત્રનિયમ અનુસાર નક્કી જ નરકમાં વાસ થાય છે એમ વારંવાર (વ્યાસ વગેરે જ્ઞાનીજનોથી) સાંભળતા આવ્યા છીએ ॥ ૪૪ ॥ હા ! આશ્ચર્ય સહિત દુઃખની વાત છે કે (યુધિષ્ઠિર-ભીમ વગેરે સહિત) આપણે બધા (જાણી સમજીને પણ) (સ્વજન વધ કરવાના) મહાન્ પાપને કરવા (યુદ્ધ કરવાનો) નિશ્ચય કરેલા છીએ, જે (માત્ર) રાજ્ય સુખ મેળવવાના લોભને લઈ સ્વજનોને હણવા માટે (નો) ઉદ્યમ કરવાવાળા થયા છીએ ॥ ૪૫ ॥

યદિ મામપ્રતીકારમશસ્ત્રં શસ્ત્રપાણયઃ ।
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તન્મે ક્ષેમતરં ભવેત્ ॥ ૪૬ ॥

અન્વય	અર્થ
યદિ	જો
અશસ્ત્રમ્	શસ્ત્રરહિત (અને)
અપ્રતીકારમ્	સામે યુદ્ધ વડે પ્રતીકાર નહીં કરનાર (એવા)
મામ્	મને
શસ્ત્રપાણયઃ	હાથમાં શસ્ત્ર ગ્રહણ કરેલા
ધાર્તરાષ્ટ્રાઃ	ધૃતરાષ્ટ્રના પુત્રો
રણે	રણમાં-સંગ્રામમાં

હન્યુઃ	મારી નાખે (તો)
તત્	તે (મરવું પણ)
મે	(મારા માટે)
ક્ષેમતરમ્	ઉત્તમ કલ્યાણરૂપ (સ્વજનોને મારવાનો ઉદ્યમ કરવાના મહાન્ પાપનું પ્રાયશ્ચિત્તરૂપે, અથવા તમારા શ્રીકૃષ્ણના સન્નિધાનમાં પ્રાણ ત્યાગવારૂપે ઉત્તમ કલ્યાણરૂપ)
ભવેત્	થશે. ।। ૪૬ ।।

ભાવાર્થ – જો શસ્ત્રરહિત (અને) સામે યુદ્ધ વડે પ્રતીકાર નહીં કરનાર (એવા) મને હાથમાં શસ્ત્ર ગ્રહણ કરેલા ધૃતરાષ્ટ્રના પુત્રો રણમાં-સંગ્રામમાં મારી નાખે (તો) તે (મરવું પણ) (મારા માટે) ઉત્તમ કલ્યાણરૂપ (સ્વજનોને મારવાનો ઉદ્યમ કરવાના મહાન્ પાપના પ્રાયશ્ચિત્તરૂપે, અથવા તમારા શ્રીકૃષ્ણના સન્નિધાનમાં પ્રાણ ત્યાગવારૂપે ઉત્તમ કલ્યાણરૂપ) થશે. ।। ૪૬ ।।

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

એવમુક્ત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।
વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ।। ૪૭ ।।

અન્વય	અર્થ
એવમ્	આ પ્રમાણે
ઉક્ત્વા	(શ્રીકૃષ્ણ સમક્ષ) કહીને (તેનો શ્રીકૃષ્ણ દ્વારા કોઈ પણ ઉત્તર નહીં મળતાં)
સંખ્યે	સંગ્રામમાં-રણભૂમિમાં
શોકસંવિગ્ન-માનસઃ	શોકથી અત્યન્ત ઉદ્વેગયુક્ત મનવાળો
અર્જુનઃ	અર્જુન
સશરમ્	બાણસહિત
ચાપમ્	ધનુષને
વિસૃજ્ય	છોડીને
રથોપસ્થે	રથમાં ઉપર પાછલા ભાગે
ઉપાવિશત્	બેસી ગયો ।। ૪૭ ।।

ભાવાર્થ – આ પ્રમાણે (શ્રીકૃષ્ણ સમક્ષ) કહીને (તેનો શ્રીકૃષ્ણ દ્વારા કોઈ પણ ઉત્તર નહીં મળતાં) સંગ્રામમાં-રણભૂમિમાં શોકથી અત્યન્ત ઉદ્વેગયુક્ત મનવાળો અર્જુન બાણસહિત ધનુષને છોડીને રથમાં ઉપર પાછલા ભાગે બેસી ગયો ।। ૪૭ ।।

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિષાદયોગો નામ (ભગવદનુગ્રહયોગો નામ) પ્રથમોઽધ્યાયઃ ।। ૧ ।।